હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તમારા એરિયામાં દારૂ વેચાય છે એ ફરીયાદ કરવા તમે અહી પહોંચી ગયા.. એમ તો અમારા એરીયામાં પણ વેચાય છે.. બોલો અમે કોને કહીએ...!!!

ચેખલા રાણી ગામે ૭૫ માં આઝાદી અમૃત મહોત્સવ અંતર્ગત ૭૫ વડનું વૃક્ષારોપણ કરાયુ

ગાંધીનગર,તા.૨૫

માનનીય પ્રધાનમંત્રી શ્રી એ અમદાવાદ ૫.સ.હ.ઝ ના મેદાન મા કરેલ આહવાહન મૂજબ દરેક ગામે ૭૫ માં આઝાદી નાં અમૃતોત્સવ અંતર્ગત ૭૫ વડ વૃક્ષારોપણ કરવા બાબત ની પ્રેરણા લઈ ચેખલા રાણી તા. જી ગાંધીનગરઃ ગામના સરપંચ શ્રી એ ચેખલા રાણી ગામ નાં સરકારી પડતર મા ૭૫ વડ નું વૃક્ષારોપણ કર્યું. તેમજ તેને દત્તક લઈ તેની દેખરેખ અને ઉછેર ની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી. વધું માં સરપંચ શ્રી એ વડ વૃક્ષારોપણ નાં રોપા માંટે સંપર્ક કરતા રોપા આપવાં અસમર્થતા દર્શાવતા સરપંચ શ્રીમતી કોકિલાબા ઝાલા તેમજ તેમના પતિ શ્રી ઘનશ્યામસિંહ ઝાલા (નિવૃત્ત વિસ્તરણ અધિ.) એ એમની ખેતી ની વિશિષ્ટ આવડત અને અનુભવ નાં આધારે ગામના વડ ની ડાળીઓ નું કટિંગ કરી વાવેતર કરેલ છે આ પ્રસંગે માનનીય ધારાસભ્ય શ્રી શંભૂજી ઠાકોર એ પણ હાજરી આપી. સરપંચ શ્રી નાં કામ નેબિરદાવ્યું

ગાંધીનગર,તા.૨૫

મગોડી હાઈસ્કુલ ના વિદ્યાર્થીઓએ રોબોટિક્સ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો જિલ્લાની મગોડીસ્થિત પી.આર ઠક્કર વિદ્યાવિહારના ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ કાવ્ય ગઝ્ઝર ,પ્રથમ પંડ્યા અને આર્યન શર્મા તારીખ ૨૧ ઓગસ્ટ થી ૨૪ ઓગસ્ટ દરમિયાન દિલ્હી ખાતે યોજાયેલ ટેકનો. વર્લ્ડ રોબોટિક્સ ચેમ્પિયનશિપમાં ભાગ લઈ શાળાનું તેમજ ગામનું ગૌરવ વધાર્યું છે ત્રણેય વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રીએ તેમજ એ.ટી.એલ ટીચર એન. એ. પટેલે અભિનંદન પાઠવ્યા હતા

મહુન્દ્રા ગામે કોરોના વેક્સિન ડોઝ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે આઝાદીના અમૃત મહોત્સવ હર ઘર તિરંગા અને ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી. મહુન્દ્રા ગામે સરપંચના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાથમિક શાળાના શ્રેષ્ઠ પ્રતિભાશાળી શિક્ષિકા અનિતાબેન સુથાર વર્ષ ૨૨-૨ ઉના પ્રથમ સત્ર દરમ્યાન સમગ્ર કલસ્ટરમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય, સહઅભ્યાસ પ્રવૃત્તિ નાવીન્યપૂર્ણ પ્રયોગો, સામાજિક ક્ષેત્રે વગેરેમાં ઉત્સાહપૂર્વક યોગદાન આપવા બદલ પ્રતિભાશાળી શિક્ષકનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું. આ ઉપરાંત મહુન્દ્રા ગામે સંગાથ ગ્રુપ-ગુડ લાઈફ અને મહુન્દ્રા ગામ તથા પ્રા. શાળાના સહયોગથી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગામના પ્રથમ નાગરિક સરપંચ, અન્ય અગ્રણીઓ, પ્રાથમિક શાળાના શિક્ષકો અને બાળકો સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયા હતા.

ચિલોડા વિસ્તારમાં હજુ તિરંગા ઉતરાવવાની જવાબદારી જાગૃત નાગરિકો સાંભળે તેવી માંગ ઉઠી છે

ચિલોડા, તા. ૨૫

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હર ઘર તિરંગાના અભિયાન જનતા જનાદેશે જબરજસ્ત પ્રતિસાદ આપ્યો. હર ઘર તિરંગા અભિયાનથી દેશભક્તિનો માહોલ સર્જાયો. સામાન્ય રીતે તા. ૧૩ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન ઘરે ઘરે, મકાનો, જાહેર સ્થળો, દુકાનો, લારી-ગલ્લા જેવા સ્થળોએ તિરંગા લહેરાવવામાં આવ્યા. ફ્લેગકોડમાં ફેરફાર કરીને તિરંગો ફરકાવવાના નિયમો હળવા કરી દેવામાં આવ્યા. અભિયાન અંતર્ગત ૧૫મી તારીખ બાદ સાંજે ૬ વાગે તિરંગાને સલામી આપી ઉતારી લઈને તેને રાષ્ટ્રીય સન્માન સાથે યોગ્ય રીતે સંકેલીને તેને યોગ્ય સુરક્ષિત જગ્યાએ મુકી દેવાનો નાગરિકની ફરજ છે. પરંતુ હજુ પણ ઘણા સ્થળે ઘરો કે દુકાનો ઉપર તિરંગો લહેરાઈ રહ્યા છે. રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય પર્વની ઉજવણી ઉત્સાહભેર કરીને ગૌરવ પ્રાપ્ત કર્યુ. તે પ્રમાણે ઉત્સાહથી ગ્રામ પંચાયતોએ તિરંગાનું વિતરણ વ્યવસ્થા કરી તે ગૌરવની વાત છે. તેમ હવે માનભેર ઉતારી લેવાની જવાબદારી જાગૃત નાગરિકોને સુચના કે યોગ્ય સલાહપૂર્વક જવાબદારી સંભાળવાની પહેલ કરે તે લોકશાહીમાં યોગ્ય ગણવા જોઈએ.

શાહપુર ભાડાની ઓરડીમાં રહેતા યુવકની મિત્રએ જ ચપ્પુ મારી હત્યા કરી

બંન્ને મિત્રો ગીફ્ટસીટીમાં ફર્નિચરનું કામ કરતા હતા, યુવકને છાતીના ભાગે ચપ્પુ મારી મિત્ર ફરાર, હત્યારો મિત્ર બે માસ પહેલા જોડે રહેવા માટે આવ્યો હતો.

ગાંધીનગર, તા.૨૫

શાહપુર ચોકડી પાસે ઓરડીમાં ભાડે રહી ફર્નિચરનું સામે કામ કરતા મિત્રએ જ મિત્રને છાતીમાં ચપ્પુ માર્યું હતું. ઓરડીમાં જમવાનું બનાવવાની કામગીરી ચાલી રહી હતી તે સમયે આ બનાવ બન્યો હતો. ત્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત મિત્રનું અમાદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શાહપુર ગામ તરફ જવાના માર્ગ પર આવેલી ભાડાની ઓરડીમાં રાજસ્થાનના નવીન મોરવાલે ડભોડા મથકે નોંધાવેલ ફરીયાદ મુજબ તે તેના મિત્રો સાથે ભાડાની ઓરડી ખાતે રહી ગીફટસીટીની ઈમારતોમાં બારી બારણા લગાવવાનું કામ કરે છે. તેની સાથે ઓરડીમાં તેના મિત્રો સુરેન્દ્રસિંગ જશવંતસિંગ (બિરાણીયા ગામ તા.ફતેહપુર, જી.સિકર), લેખારામ જાટ (રહે-સીંગડોલા ગામ તા.લક્ષ્મણગઢ જી.સિકર) તેમજ પ્રદિપકુમાર અને મનિષકુમાર સાથે રહે છે.જયારે લેખારામ જાટ સુરેન્દ્રસિંગનો મિત્રની સાથે દુરના સગા પણ થતા હતા. જેથી તે સવા બે માસ પહેલા સુરેન્દ્રસિંગ લેખારામને સાથે રહેવા માટે લાવ્યો હતો. વરસાદ ગઈકાલે શરુ હોવાથી તમામ મિત્રો કામ પર ગયા ન હતા અને ઘરે રોકાયા હતા.

ત્યારે બપોરના આશરે ત્રણ વાગે પ્રદિપકુમાર અને મનિષકુમાર રાજસ્થાન જવા માટે નીકળી ગયા હતા.ચાર મિત્રો રૂમ પર હાજર હતા. સાંજના સાડા સાત વાગે રણવીરસિંગ અને ફરીયાદી જમવાનુ બનાવવા લાગ્યા હતા. ત્યારે સવા આઠ વાગે સુરેન્દ્રસિંગ અને લેખારામ છાશ લેવા માટે ગયા હતા. જયારે ગામમાંથી રાત્રીના સાડા નવ વાગે રૂમ પર પરત આવ્યો હતો. તે સમયે લેખારામ જાટે અચાનક અમારી રૂમમાં રહેલી શાકભાજી કાપવાનું ચપ્પુ પોતાના હાથમાં લઈ સુરેન્દ્રસિંગ તેની પાસે ઉભા રહેલા હોવાથી છાતીમાં ડાબી બાજુ ચપ્પુનો ઘા માર્યો હતો. જેથી સુરેન્દ્રસિંગ લોહી નીકળતા જમીન પર ફસડાઈ પડ્યો હતો. ત્યારબાદ લેખારામ રૂમ પરથી ફરાર થઈ ગયો હતો. જયારે ગંભીર રીતે ઈજાગ્રસ્તને ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. ત્યારે આજે સુરેન્દ્રસિંગનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. ત્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં કોઈ અંગત અદાવત કે માથાકુટ થઈ હોય તેમ લાગી રહ્યું છે. મૃતકના પરિવારજનો આવ્યા બાદ વધુ વિગતો જાણવા મળશે. બનાવ અંગે ડભોડા પોલીસે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પડતર માંગણીઓ મુદ્દે ગ્રામરક્ષક દળના જવાનો છાવણી આવી પહોંચ્યા

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી પગાર વધારાની માંગ સહિતના પડતર પ્રશ્નો મુદ્દે ગ્રામ રક્ષક દળના જવાનો આવી પહોચ્યા હતા. ત્યારે ગ્રામ રક્ષક દળના જવાનોએ પોતાની માંગણીઓ અંગે ઉચ્ચકક્ષાએ આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે. જેમાં છેલ્લા કેટલાક વર્ષોથી જીઆરડી જવાનો એક દિવસના માત્ર રૂ.૨૩૦ ના વેતન થી કામ કરે છે. ત્યારે મોંઘવારીને લઈ વેતનમાં વધારો કરવા અને પોતાના ડ્રેસ અને બુટ સહિતનો ખર્ચ પણ તેઓએ ચુકવવો પડે છે. ત્યારે વિવિધ ભથ્થા આપવા પણ રજુઆત કરાઈ છે.

રાજયના શહીદ પોલીસ કર્મચારીના પરિવારોને રહેમરાહે નોકરી આપો, તેમજ તા.૫-૭-૨૦૧૧ નો ઠરાવ રદ કરો અને વર્ગ-૩ અને વર્ગ-૪ ની રહેમરાહે નોકરીની પ્રથા પુનઃ ચાલુ કરો તેવી માંગ સાથે શહીદ પોલીસ પરિવારના સભ્યો મોટીસંખ્યામાં શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આવી પહોચ્યા હતા અને આવેદન પત્ર આપી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

અગોરા મોલ પાસે કારમાંથી ચોરી કરનાર આધેડ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક ભાટ પાસે આવેલા અગોરા મોલ સામે પાર્ક કરેલી કારમાંથી રૂ.૩૫ હજારનું લેપટોપ અને એપોલો સર્કલ પાસેથી રૂ.૪૫ હજારની મત્તાની ચોરી કરનાર આધેડને અડાલજ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ રાધે ફોરચ્યુન કોમ્પ્લેક્ષ એપોલો સર્કલ પાસે પાર્કિંગમાં અમદાવાદના પ્રતિકકુમાર વિનુભાઈ પરમારની ગાડીનો દરવાજો ખોલીને અંદરથી રૂ.૨૦ હજારનો મોબાઈલ, રૂ.૨૦ હજારની સોનાની વીંટી, એટીએમ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ તેમજ રૂ.૫ હજાર રોકડા મળી કુલ રૂ.૪૫ હજારની મત્તાની ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

જયારે તે જ દિવસે એપોલો સર્કલ પાસે અગોરા મોલની સામે એસ્પેરીયા કોમ્પ્લેક્ષમાં આવેલ મારૂતિ નંદન કાઠીયાવાડી રેસ્ટોરન્ટ પાસેથી સર્વિસ માર્ગ નિમેશ પટેલ તેમની પત્ની સાથે જમવા માટે ગયા હતા. તે સમયે તેમની કારનો દરવાજો ખોલી રૂ.૩૫ હજારની કિંમતનુ લેપટોપ પણ ચોરી થયાની ઘટના સામે આવતા અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.બી.વાળાએ ટેકનીકલ સોર્સ અને હ્યુમન સોર્સથી તપાસ આરંભી હતી. જેને પગલે પોલીસને બાતમી મળી હતી કે એક શકમંદ શખ્સ બાઈક લઈને તપોવન સર્કલ થી એપોલો સર્કલ તરફ જનાર છે. જેથી વોચ ગોઠવીને તેને પકડી પાડી કડકાઈથી પુછપરછ કરી હતી. જેને પગલે તેને પોતાનુ નામ અજય વિઠ્ઠલ પટેલ (ઉં.૫૫, રહે.એ.-૩૦૨ રાધે હાઈટ્સ ફ્લેટ એસ.પી.રીંગરોડ વિંઝોલ અમદાવાદ), હોવાનું જણાવ્યું હતું. જેની તલાશી લેતા લેપટોપ સાથેની બેગ તેમજ એક સોનાની વીટી અને બ્રાઉન કલરનું પર્સ જેમાં ઓપો કંપનીનો મોબાઈલ ફોન રોકડા રૂપીયા સહિત એટીએમ કાર્ડ-ડ્રાઈવીગ લાયસન્સ મળી આવ્યા હતા. જે અંગે પુછતા આધેડ કોઈ યોગ્ય જવાબ આપી શક્યા ન હતા. પોલીસે અજય પટેલની ધરપકડ કરી કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

૩ - ખૂણે ખાંચરેથી...

- ડિસ્ટ્રીકટ હેલ્થ મિશનની ગવર્નીંગ બોડીની બેઠક આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે કલેક્ટર કચેરી ખાતે મળશે.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની આજે બોર્ડ બેઠક સરગાસણની કચેરીએ મળશે.
- ગાંધીનગર શહેરમાં આજે કોરોના વેક્શિનેશન અભિયાન હેળ ૧૧૪૫ લોકોને આવરી લેવામાં આવ્યા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૭૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે બી.કે. પટેલ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ભારત સરકારની એક ટીમ મિશન મંગલમ્ યોજનાના અમલીકરણને જોવા જિલ્લાના રૂપાલ ગામની મુલાકાતે જશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૪ સિ. ક્લાર્ક અને તલાટીઓની છુટી છવાઈ બદલીનો દોર ચાલુ રહેવા પામ્યો છે.
- જિલ્લા કલેક્ટર કચેરીમાં ચૂંટણીને લઈ ૧૯ નાયબ મામલતદારોની બદલી કરવામાં આવી છે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ૨૮મી ઓગષ્ટના રોજ ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.
- સે. ૧૦માં આવેલી સરકારી કચેરીઓમાં આજે વારંવાર વીજ પુરવઠામાં ટ્રીપીંગ થતાં ઘણી કચેરીઓની કામગીરી ખોરવાઈ ગઈ હતી.
- ભારતીય કૃષિ અનુસંધાનની ટીમે રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી છે.
- બ્રહ્મસમાજ પેથાપુર શાખા દ્વારા મહિલા પાંખની રચના કરવામાં આવી છે.

ખેડુતોના પડતર પ્રશ્નોને લઈ કિસાન સંઘ દ્વારા સરકાર સામે લડતના મંડાણ

ગાંધીનગર, તા.૨૫

જગતના તાતના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહી આવતા તેઓએ પણ સરકાર સામે બાંયો ચડાવી છે. છેલ્લા કેટલાક સમયથી એક સમાન વિજ બિલ સહિતની પડતર માંગણીઓ મુદ્દે અનેકવાર રજુઆત કરવામાં આવી છે. તેમ છતા રાજયના ખેડુતોની રજુઆત સરકાર દ્વારા કાને ધરવામાં ન આવતા ખેડુતોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે કિસાન સંઘના નેજા હેઠળ રાજયભરમાંથી હજજારો ખેડુતો ગાંધીનગર ખાતે ઉમટી પડ્યા હતા. બલરામ મંદિર થી સ્વર્ણિમ પાર્ક સુધી ખેડુતો રેલી સ્વરુપે જઈ સરદાર પટેલની પ્રતિમાના દર્શન કરી જય જવાન જય કિસાનના સુત્રોચ્ચાર કરી રામધુન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. જયારે સ્વર્ણીમ પાર્ક ખાતે ખેડુતોના આંદોલનના પગલે સમગ્ર વિસ્તારમાં પોલીસ પહેરો ગોઠવી દેવાયો હતો. રાજયના ખેડુતો દ્વારા છેલ્લા ૬ માસથી મીટર અને હોર્સપાવર વચ્ચે ભાવમાં તફાવત છે. ખેડુતોના બોર અને કુવાના તળીયામાં પાણી નથી. મીટર પોસાય તેમ નથી. જેથી સરકાર સામે કિસાન સંઘ દ્વારા મોરચો માંડ્યો છે. જયાં સુધી સરકાર ખેડુતની માંગણીઓનો ઉકેલ નહી લાવે ત્યાં સુધી આ ધરણા ચાલુ રહેશે તેવી ચિમકી ખેડુતોએ ઉચ્ચારી છે.

શહેરમાં ગણપતિબાપાની સવારી આવે છે

ગાંધીનગર,તા.૨૫

ગણપતિ બાપા મોરિયા... મંગલમૂર્તિ મોરિયા... આજથી બરોબર આઠ દિવસ બાદ ગણેશોત્સવ શરૂ થવા જઈ રહ્યો છે. ગાંધીનગર શહેર અને અમદાવાદ ખાતે ઠેરઠેર ગણપતિ દાદાની મૂર્તિઓ સાજ શણગાર સજી ભક્તોના ઘરે પહોંચવા તૈયાર છે... છેલ્લા પાંચેક વર્ષથી ભક્તો હવે પર્યાવરણ પ્રત્યે જાગૃત થયા છે અને માત્ર ઈકો ફ્રેન્ડલી ગણપતિ મૂર્તિઓ જ પોતાના ઘરે લાવે છે. માર્કેટમાં હમણાં માત્ર માટીની મૂર્તિઓ જ ચલણમાં છે. ગુજરાતમાં બનતી મૂર્તિઓના પ્રમાણમાં મુંબઈ - પૂનાથી આવતી ગણપતિની મૂર્તિઓ ફિનિશિંગમાં વધુ આકર્ષક લાગે છે. આ વખતે મરાઠી ફેટાની ફેશનેબલ મૂર્તિઓ વધુ વેચાય છે. ગાંધીનગર શહેરમાં આવેલું અડાલજ ગામ ખાતે ગણપતિ દાદાની મૂર્તિઓ માટેનું સરસ માર્કેટ છે જ્યાં ગુજરાત અને મહારાષ્ટ્રની માત્ર માટીની મૂર્તિઓ તૈયાર મળે છે. આ માર્કેટમાં ગણપતિની મૂર્તિઓનો વ્યવસાય કરતા ળદેવભાઈ સાથે વાત કરતા જાણવા મળ્યું છે કે દર વર્ષે ગણપતિ મહોત્સવ માટે ભક્તોની સંખ્યામાં વધારો થાય છે. માટીની મૂર્તિઓ પ્લાસ્ટર ઓફ પેરિસ કરતા નાજુક અને મોંઘી હોવાથી ભક્તો નાની મૂર્તિઓ વધારે લઈ જાય છે. મહારાષ્ટ્રની મૂર્તિઓ સુંદર અને આકર્ષક હોવાથી પ્રમાણમાં મોંઘી હોવા છતાં લોકોની પ્રથમ પસંદગી બને છે. માટીની મૂર્તિઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડવા દરમિયાન પણ તૂટી જાય છે અને એ બધો હિસાબ જોડતા મૂર્તિની કિંમત વધી જાય છે. ગાંધીનગરના ભક્તોને ગણપતિ દાદાની મૂર્તિ ખરીદી કરવા અમદાવાદ જતા પહેલા અડાલજ મુલાકાત લેવા જેવી છે, શક્ય છે કે ગણપતિની મૂર્તિ ગમી જાય અને અમદાવાદ જવું જ ન પડે.! ગણપતિ બાપા મોરિયા

મનપાની ઢોર પકડ પાર્ટીના બે કર્મચારીઓ રૂ.૧૫ હજારની લાંચ લેતા ઝડપાયા

ઢોર પકડવા માટે ઢોર પકડ પાર્ટી નીકળે તેની આગોતરી જાણ કરવા માટે રૂ.૧૫ હજારની લાંચની માંગણી કરાઈ હતી.

બંટી જયંતીભાઈ વાઘેલા, ડ્રાઇવર

મનોજકુમાર ઉર્ફે બબલુ શનાજી ઠાકોર

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગર પાલિકા તંત્રની ઢોર પકડ પાર્ટીના એનિમલ કેચર મનોજ કુમાર ઉર્ફે બબલુ સનાજી ઠાકોર અને ડ્રાઈવર બંટી જયંતિભાઈ વાઘેલાને રૂ.૧૫ હજારની લાંચ લેતા એસીબીએ રંગેહાથ પકડી પાડ્યા છે. રખડતા ઢોર નહી પકડવા ના અને ઢોર પકડ પાર્ટી ઢોર પકડવા માટે નીકળે તેની આગોતરી જાણ કરવા માટે એક પશુમાલિક દીઠ રૂ.૩ હજાર લેખે પાંચ પશુ માલિક પેટે રૂ.૧૫ હજારની ડીલ નક્કી થઈ હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયમાં રખડતા ઢોરની સમસ્યા વકરી રહી છે. શહેરોના મુખ્ય માર્ગો પર રખડતા પશુઓ અડીંગો જમાવી બેસી જાય છે. જેથી વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તાજેતરમાં પૂર્વ ડે.સીએમ નિતિન પટેલને પણ રખડતા પશુએ અડફેટે લેતા ઈજા પહોંચી છે. જયારે સરકારે ગઈકાલે રખડતા પશુઓને તાત્કાલીક ધોરણે પકડી પાડવાના આદેશ આપતા તંત્ર હરકતમાં આવ્યું હતું. પરંતુ ઢોર પકડ પાર્ટીના કરાર આધારિત કર્મચારીઓની મિલીભગતથી શહેરને રખડતા પશુઓ થી મુકત થતુ નથી. શહેરના પાંચ પશુ માલિકો પોતાના પશુઓ રખડતા મુકી દેતા હતા. ત્યારે કોર્પોરેશનની ઢોર પકડ પાર્ટી પણ રખડતા પશુઓને પકડવા નીકળતી હતી. પોતાના પશુઓને નહી પકડવા માટે ઢોર પકડ પાર્ટીના કરાર આધારીત મનોજકુમાર ઉર્ફે બબલુ સનાજી ઠાકોર અને ડ્રાઈવર બંન્ટી જયંતિભાઈ વાઘેલાને વાત કરી હતી. જેથી આ બંન્ને કર્મચારીઓએ પાંચ પશુ માલિકોના ઢોર નહી પકડવાના અને ઢોર પકડવા માટે નીકળે તેની આગોતરી જાણ કરી દેવાની તે માટે એક પશુ માલિક દીઠ રૂ.૩ હજાર લેખે રૂ.૧૫ હજારની માંગ કરાઈ હતી. જો કે રખડતા પશુઓ રોડ પર રીઢા છોડવા માટે પશુ માલિકો લાંચની રકમ આપવા માંગતા નહી હોવાથી એસીબીનો સંપર્ક કર્યો હતો. જેને પગલે એસીબી પીઆઈ ડી.એસ.ચૌધરીએ ગાંધીનગરના અક્ષરધામ ચાર રસ્તા પાસે લાંચના છટકાની જાળ બિછાવી હતી. પશુ માલિકો પાસેથી નક્કી થયા પ્રમાણે રૂ.૧૫ હજારની લાંચ લેતા જ બંન્ને કર્મચારીઓ એસીબીના હાથે આબાદ ઝડપાઈ ગયા હતા.